# પાટણમાં શહીદ દિને કોંગ્રેસ કાર્યકરોનો સ્નેહ મિલન સમારોહ યોજાયો




(તસવીર : ચેતન રામી, પાટણ)



પાટણ, તા. ૨૩

પાટણ સ્થિત સરસ્વતી બેરેજથી ડીસા તરફ આવેલી બ્રહ્મક્ષત્રિય શૈક્ષણિક સંકુલમાં આજે શહીદદિન નિમિત્તે કોંગ્રેસ નો કાર્યકર મિલન સમારોહ યોજાયો હતો.

આ શહીદ દિન નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં કોંગ્રેસના વર્તમાન ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂત, ધારસિંહભાઈ ખાનપુરા, જોધાજી ઠાકોર, ચમનજી ઠાકોર, કાન્તિભાઈ પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ દેસાઈ સહિત લોકસભા મત વિસ્તારના આગેવાનો અહીં ઉપસ્થિત રહ્યા હતા અને અહીંથી જ કોંગ્રેસના પાટણના લોકસભાના ઉમેદવાર ભાવસિંહ રાઠોડે પ્રચારના શ્રી ગણેશ કર્યા હતા.

કાર્યક્રમમાં બલવંતસિંહ રાજપૂતે યુપીએ સરકારની સિધ્ધિઓને લોકો સુધી પહોંચાડી કોંગ્રેસ માટે કામ કરવા આહ્વાન કર્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે પાટણની આ સીટ હંમેશા કોંગ્રેસને મદદ કરતી રહી છે અને આ લોકસભામાં પણ તમામ કાર્યકરોએ સાથે મળીને ભાવસિંહભાઈને જીતાડવા કામે લાગી જવા હાકલ કરી હતી.

# ડીસામાં બે દિવસથી હોસ્પિટલમાં દાખલ બાળકીનું મોત થતા તબીબ સામે આક્ષેપ

ડીસા, તા. ૨૩

ડીસાની બાળરોગ નિષ્ણાંતની ખાનગી હોસ્પિટલમાં દાખલ બાળકીની તબીયત બગડતા આઈ.સી.યુ. ખાતે ખસેડાઈ હતી જ્યાં બાળકીનું મોત થતા બાળકીના પરીવારજનોએ ડોક્ટરની બેદરકારીથી મોત થયાના આક્ષેપો કર્યા હતા.

મળતી માહિતી મુજબ જાલમસિંહ ઠાકોર (રહે. રાણપુર) ની દિકરી રાજલ (ઉં.વ. ૨.૫ વર્ષ)ની સખત તાવ આવતા ડીસાની બાળરોગ નિષ્ણાંતની ખઆનગી હોસ્પિટલમાં દાખલ કરી હતી. જ્યાં બે દિવસથી સારવાર હેઠળ હતી. જે ગતરોજ તબીયત વધારે બગડતા ડૉ. અંકિત માળીએ તેમને અન્ય હોસ્પિટલમાં આઈસીયુમાં સારવાર અર્થે મોકલ્યા હતા. જ્યાં સારવાર પરના તબીબી બાળકીને મૃત જાહેર કરી હતી. જેથી આ બાળકીનું મોત ડોક્ટરની બેદરકારીને લીધે થયું છે તેથી વાલીવારસોએ લાશ લેવાની ના પાડી હતી અને ડોક્ટર વિરૂદ્ધ આક્ષેપો કરી પોલીસને જાણ કરાઈ પછી જ લાશ ઉપાડશે તેમ જમાવ્યું હતું. જેથી પોલીસને આ બાબતની જાણ થતા ઉત્તર પોલીસ મથકની મહીલા કોન્સ્ટેબલો, પી.આઈ. રાઠોડ તેમજ સ્ટાફ સાથે હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. જ્યાં બાળકીના પિતાએ ડોક્ટરની બેદરકારીના કારણે બાળકીનું મોત થયું હોવાનો આક્ષેપ કરી ઉત્તર પોલીસમથકે તબીબ વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી. જેથી પોલીસે ગુનો નોંધી લાશને પી.એમ. અર્થે ડીસા સિવિલમાં ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# પાલનપુરના શીતળામાતાના મંદિરે ઉમટ્યું ભક્તિનું ઘોડાપુર



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૨૩

પાલનપુર શહેરમાં રેલવે સ્ટેશનની હદમાં આવેલા શીતળા માતાના મંદિર ખાતે આજે ભક્તિનું ઘોડાપુર ઉમટી પડ્યું હતું. મારવાડી શીતળા સાતમ નિમિત્તે શીતળામાતાના મંદિરે દર્શનાર્થીઓની ભારે ભીડ જામી હતી. જેઓએ શીતળા માતાની માનતા પૂર્ણ કરી ધન્યતા અનુભવી હતી.

પવિત્ર ફાગણ વદ સાતમ એટલે મારવાડી શિતળા સાતમનો તહેવાર. આજના દિવસે પાલનપુર પંથકમાં ઠેર-ઠેર શીતળા સાતમની ઉત્સાહભેર ઉજવણી થાય છે. પાલનપુર શહેરમાં રેલવે સ્ટેશન ખાતે આવેલા પ્રાચીન શ્રી શીતળા માતાના મંદિરે પણ આજે પરંપરાગત રીતે શીતળા માતાનો લોક મેળો ભરાયો હતો. આ લોકમેળામાં હજારો ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા. જેઓએ શીતળા માતાની બાધા-આખડી પૂર્ણ કરી દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# ખેડબ્રહ્માની મોબાઈલ શોપમાં એસઓજીની રેડ

ખેડબ્રહ્મા, તા. ૨૩

ખેડબ્રહ્મા ખાતેની બસ સ્ટેશનની એક મોબાઈલ શોપમાં એસઓજી દ્વારા રેડ પાડી રૂ. ૨૫૦૦૦નો મુદ્દા માલ જપ્ત કર્યો હતો.

ખેડબ્રહ્માના બસ સ્ટેશનમાં રાઘુભઈ કોમ્પ્લેક્ષમાં આવેલ ટોક ટાઈમ મોબાઈલ સર્વિસ સેન્ટર શોપમાં ચાઈના મોબાઈલમાં બિન અધિકૃત આઈએમઈઆઈ નંબર અન્ય મોબાઈલમાં નાખી તેને ખોટી નિશાની બનાવવા માટે ઈલેક્ટ્રોનિક સાધનનો ઉપયોગ કરી મોબાઈલ સાથે છેડછાડ કરી ગેરકાયદેસર રીતે આર્થિક લાભ લેવાનું કામ કરતા હોઈ હિંમતનગર એસઓજી ટીમે રેડ પાડી ઈલેક્ટ્રોનીક સાધનો અને ચાઈના મોબાઈલ મળી કુલ ૨૫૦૦૦નો મુદ્દા માલ ઝડપી આરોપી આસીફ અમીનભાઈ મેમણ રહે. મેમણ કોલોની વડાલી વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાવ્યો હતો. રેડના સમાચાર વાયુવેગે પ્રસરતા થોડાક જ સમયમાં મોટા ભાગની મોબાઈલ શોપ બંધ કરી ભૂગર્ભમાં ઉતરી પડયા હતા.

# બ્રહ્મસેનાના પ્રમુખપદેથી ભાવેશ રાજયગુરુનું રાજીનામું

**૫ વર્ષમાં ૫૦૦૦ બાળકોને મફત યજ્ઞોપવિત આપી : ભાવનગરમાં ૫ લાખ અને અમદાવાદમાં ૧૦ લાખ બ્રહ્મચોર્યાસી ઉપરાંત ગુજરાતમાં ૧૦૦થી વધુ સંમેલનો યોજયા**

અમદાવાદ, તા. ૨૩

અમદાવાદથી કાર્યરત બ્રહ્મસેનાના ૨૦૦૮થી પ્રમુખ રહેલા ભાવેશ રાજયગુરુએ પ્રમુખપદેથી રાજીનામું આપ્યું છે. ભાવેશ રાજયગુરુએ બ્રહ્મસેનાને ઉદ્દેશીને લખેલા પત્રમાં બ્રહ્મસમાજને તમામ સંગઠનો, પેટા જ્ઞાતિઓની સંસ્થાઓ અને મહિલા સમાજની સંસ્થાઓને એક બની આક્રમકતા સાથે બ્રાહ્મણોને થતા સામજિક અને રાજકિય અન્યાય સામે અવાજ ઉઠાવવા હાકલ કરી છે.

બ્રહ્મસેનાના પ્રમુખ તરીકે સને ૨૦૦૮થી ૨૦૧૪ સુધીના તેમના કાર્યકાળ દરમિયાન તેમને અનેક પડાકારો હોવા છતાં તેઓ બ્રહ્મસેના મિત્રોના સહયોગથી લડયા અને મુશ્કેલ કાર્યોને પાર



પાડી શકયા હતા. પાંચ વર્ષમાં ૫૦૦૦ જેટલા બાળકોને ૧૦૦ ટકા ફ્રી યજ્ઞોપવિત આપવા ઉપરાંત ગરીબ બ્રાહ્મણોને અનાજની સહાય પણ કરાઈ હતી. શૈક્ષણિક કાર્યને પ્રોત્સાહન આપવા ગુજરાતમાં ૧૦૦થી વધુ સંમેલન યોજાયા હતાં.

તેમણે બ્રાહ્મણોએ કોઈ જ્ઞાતિ સાથે હરિફાઈ કર્યા વગર દરેક જ્ઞાતિને સાથે રાખીને રચનાત્મક બ્રાહ્મણોના સંગઠનને મજબુત બનાવ્યું એ તે માટે સમાજની તમામ શાખાઓ દ્વારા પુરતો સહકાર મળ્યો હોવાનું જણાવ્યું છે. ભાવનગરમાં ૫ લાખ અને અમદાવાદમાં ૧૧ લાખ બ્રાહ્મણોની બ્રહ્મ ચોર્યાસી કરીને બ્રાહ્મણો કયારેય એક ના થઈ શકે તેવી માન્યતા ભાંગી હતી.

ભાવેશ રાજયગુરુએ તેમના રાજીનામા સાથે હર પલ સમાજની સાથે રહેવાનું અને હવે વધુ તાકાતથી કાર્ય કરવાની ખાત્રી આપી છે.

# કોંગ્રેસની પ્રદેશ કારોબારીની બેઠક મુલત્વી

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા તા. ૨૫મી માર્ચે પ્રદેશ કારોબારીની બેઠક યોજાનારી હતી. કોંગ્રેસ દ્વારા પક્ષના અગ્રણી નેતાઓ અન્ય કાર્યક્રમોમાં વ્યસ્ત હોવાના કારણોસર આ બેઠક મુલત્વી રાખવામાં આવી છે. પ્રદેશ કારોબારીની આ બેઠક અંગે નવી તારીખ નક્કી થશે ત્યારે પદાધિકારીઓને તે બાબતે જાણ કરવામાં આવશે તેવું ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા ડૉ. મનિષ દોશીએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# ૨૫ વર્ષથી ડહોળુ પાણી પીતા ઊંચી ધનાલના ગ્રામજનો

**પાણીની ટાંકીની સફાઈ કરાઈ નથી : સીડીના અભાવે સફાઈ નથી કરતા : તંત્ર**

ખેડબ્રહ્મા, તા. ૨૩

તાલુકાના ઊંચી ધનાલ ગામની પાણીની ઓવરહેડ ટાંકીનું છેલ્લા ૨૫ વર્ષથી સફાઈના અભાવે પીવુ પડે છે. ત્યારે તંત્ર દ્વારા ટાંકીનું સફાઈ કામ કરવામાં આવે તેવી માંગણી કમિટી સભ્ય શાંતાબેન દ્વારા કરવામાં આવી છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

સરકાર દ્વારા નિર્મળજળ પુરૂ પાડવાની જાહેરાતો કરવામાં આવે છે. ત્યારે મોટી ધનાલ ખાતે છેલ્લા ૨૫ વર્ષથી પાણીની ટાંકી સાફ કરવામાં આવી નથી. પ્રદુશિત પાણીના કારણે ૭૦ ટકાથી વધારે રોગો થવાની શકયતાઓ રહેલી હોય છે. અને પ્રદુશિત પાણીના કારણે ઉનાળામાં જીવલેણ રોગો ફાટી નિકળવાની દહેશત સેવાઈ રહી છે.

કમિટી સભ્ય શાંતાબેને જણાવ્યું હતું કે સફાઈ માટે તંત્રને વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યુ છે જયારે ટાંકી સાફાઈ કરવાની વાત કરીએ છીએ તો બહાના બતાવવામાં આવે છે અને કહે છે કે ટાંકી ઉપર ચડવા માટે સીડીની વ્યવસ્થા નથી. ટાંકી ઉપર પીંપળનું ઝાડ ઉગી નિકળ્યુ છે. જો આ ઝાડને સત્વરે દૂર કરવામાં નહિ આવે તો ટાંકીના બાંધકામમાં તિરાડો પડી તુટી જવાની શંકાઓ સેવાઈ રહી છે. ત્યારે નગરજનો દ્વારા એવી આશા રાખવામાં આવી રહી છે કે આ પ્રદુષિત ટાંકની સફાઈ અને ટાંકી પર ઉગી નિકળએલુ ઝાડ દૂર કરવામાં આવે નહિ તો ખોટી જાનહાનિ થવાની શક્યતાઓ રહી છે.

# સાબરકાંઠા બેઠક પર ભાજપના ઉમેદવારની જાહેરાત થતા લોકોમાં ભારે ઉત્સાહ

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા લોકસભાની સીટ પર ભાજપ દ્વારા પોતાના ઉમેદવારોની જાહેરાત કરાતા પ્રાંતિજના ભાખરીયા બસ સ્ટેન્ડ પાસે હજારોની સંખ્યામાં ઉમેદવારના સમર્થકો ભેગા થયા હતા અનો ઉમેદવારોનો આવકારી આતશબાજી કરી હતી.

સાબરકાંઠા લોકસભાની બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે શંકરસિંહ વાઘેલાનું નામ જાહેર કરવામાં આવ્યું હતું ત્યારે ભાજપે પણ આજે સાબરકાંઠા બેઠક પરથી પૂર્વ ધારાસભ્ય દિપસિંહ રાઠોડનું ઉમેદવાર તરીકે નામ જાહેર કર્યું હતું. આથી પ્રાંતિજ સહિત જિલ્લા ભરના ભાજપના કાર્યકરોએ દિપસિંહને હર્ષભેર વધાવી દીધા હતા. ભાજપના ઉમેદવાર તરીકે દિપસિંહને અભિનંદન પાઠવવા મોટી સંખ્યામાં કાર્યકરો પ્રાંતિજના ભાખરીયા બસ સ્ટેડ નજીક એકઠા થયા હતા અનો ફટાકડા ફોડી આતશબાજી કરી આનંદ વ્યકત કર્યો હતો. આ પ્રસંગે શહેર પ્રમુખ સતીષભાઈ પંડયા, વિજયભાઈ પંડયા, ગીરીશભાઈ પટેલ, અરવિંભાઈ પરમાર, મનુભાઈ રામચંદ્રાની સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

# ખેડબ્રહ્મામાં મહીલા ડેન્ગ્યુના ઝપટમાં

ખેડબ્રહ્મા, તા. ૨૩

ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં ઓપરેશન માટે ઈન્ડોર વિભાગમાં દાખલ થયેલ મહિલાના લેબોરેટરી ટેસ્ટમાં પોઝીટીવ ડેન્ગ્યુનો કેસ બહાર આવતા આરોગ્યતંત્ર હરકતમાં આવી ગયું હતું. ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં તાવના દર્દીઓમાં પણ નોંધપાત્ર વધારો થવા પામ્યો છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા તાલુકાના ભૂરીઘરફડ ગામની જટીબેન લાડુભાઈ ગમાર (ઉં.વ.૪૫) ને સારવાર માટે જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ મહીલાને એપીગેસ્ટ્રી હર્નિયોપ્લાસ્ટીનું ઓપરેશન કરવામાં આયું હતું. જેના માટે વિવિધ લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં ડેન્ગ્યુનો પોઝીટીવ રીપોર્ટ આવ્યો હતો. જેથી ખેડબ્રહ્મા શહેર અને તાલુકામાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

આ અંગે તાલુકા હેલ્થ ઓફીસર એચ.એસ. ગઢવીએ જણાવ્યું હતું આ મહીલાના ટેસ્ટ ખાનગી લેબોરેટરીમાં કરાવેલ છે. જે પોઝીટીવ હોવાનું જાણવા મળેલ છે.

# પ્રાંતિજ નગરપાલિકા દ્વારા વેરા વસુલાત ઝુંબેશનો પ્રારંભ

પ્રાંતિજ, તા. ૨૩

પ્રાંતિજ નગરપાલિકા મારફતે નગરપાલિકાની હદમાં આવેલ રહેણાંક વિસ્તારોમાં વિવિધ પ્રકારના વેરા ન ભરનાર રહીશો સામે તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. અને બાકીદારો સામે વેરા વસૂલાત ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. પરિણામે બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ નગરપાલિકાના હદમાં આવેલ રહેણાંક વિસ્તારોમાં મકાન માલિકો અને વિવિધ દુકાનના વેપારીઓ દ્વારા મિલકત સંબંધિત વેરા અને ટેક્ષ ભરવામાં આવ્યા નથી આથી નગરપાલિકા તંત્ર નાગરિકોની વેરાની રકમ વસૂલવા રજાના દિવસે પણ સુવિધાઓ કરી આપવામાં આવી છે તેમ છતાં અસંખ્ય રહીશો દ્વારા વેરાની રકમ ન ભરાતા નગરપાલિકા તંત્રએ લાલ આંખ કરી છે. વેરા વસૂલાત ઝુંબેશ હાથ ધરી બાકીદારોને આખરી અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. જો સમસયર બાકી વેરા નહીં ભરાય તો કેટલીક આવશ્યક સેવાઓ પર નગરપાલિકા દ્વારા બ્રેક લગાવવામાં આવશે.

# ટીબીની અસર સામાન્યરીતે ફેફસામાં થાય છે : નિષ્ણાતો

**ટીબીના લક્ષણોમાં તાવ, વજન ઘટવાની બાબત સામેલ**

**વિશ્વમાં દર વર્ષે ટીબીથી હજારોના મોત : જાગૃતિ જરૂરી**

**આજે વિશ્વ ટીબી દિવસ**

વર્લ્ડ ટીબી ડેની આવતીકાલે ૨૪મી માર્ચના દિવસે વિશ્વભરમાં ઉજવણી કરવામાં આવે છે. ટીબીના રોગ અંગે લોકોમાં જનજાગૃત્તિ જગાવવા માટે પ્રયાસ કરવામાં આવે છે. ટીબી અથવા ક્ષય રોગના કારણે આજે પણ મોટી સંખ્યામાં વિશ્વમાં લોકોના મોત થઈ રહ્યા છે. દર વર્ષે હજારો લોકોના મોત થઈ જાય છે. મોટાભાગે વિકાસશીલ દેશોમાં ટીબી રોગે તેનો સકંજો જમાવ્યો છે. ૧૮૮૨માં ડોક્ટર રોબર્ટ કોચે વિજ્ઞાનના સામુદાયનો માહિતી આપી હતી કે તેઓ ટીબીના કારણોને જાણવામાં સફળ રહ્યા છે. બર્લિનમાં રોબર્ટ કોચ દ્વારા જાહેરાત કરવામાં આવી ત્યારે ટીબી રોગે યુરોપ અને અમેરિકામાં જોરદાર સકંજો જમાવ્યો હતો. યુરોપ અને અમેરિકામાં મોટી સંખ્યામાં લોકોના મોત થઈ ગયા હતા. દરેક સાત લોકો પૈકી એકનું મોત ટીબીના કારણે થઈ રહ્યું હતું. રોબર્ટ કોચની શોધના પરિણામ સ્વરુપે ટીબી રોગની સારવાર ઝડપી બની હતી અને આજે ટીબી રોગને રોકવામાં વિશ્વભરમાં સફળતા મળી છે. પ્રાથમિક તબક્કામાં જ ટીબી રોગને શોધી કાઢીને તેની સારવાર કરી શકાય છે. જો કે, ટીબીના કારણે આજે પણ મોટી સંખ્યામાં લોકોના મોત થઈ રહ્યા છે. ટીબી રોગ ઘણા કેસમાં જીવલેણ પણ સાબિત થાય છે. સાવધાની રાખવામાં ન આવે તો આના કારણે ફેફસા ખરાબ થઈ જાય છે. ઈન્ફેક્શનગ્રસ્ત લોકોમાં વહેલી તકે સારવાર કરવામાં આવે તે જરૂરી છે. બંને ફેફસાઓમાં ઈન્ફેક્શનના કારણે માઠી અસર થાય છે. સક્રિય ટીબી ઈન્ફેક્શનના ઘણા લક્ષણો રહેલા છે જેમાં શરદી ઉદરસની સતત અસર રહે છે. મોહમાં લોહી આવવાની બાબત પણ રહેલી છે. તાવની અસર રહે છે. વજન સતત ઘટતું રહે છે. મોડેથી જમવાનું પણ બંધ થઈ જાય છે. સામાન્ય રીતે આમા રેડિયોલોજી જેને સામાન્યરીતે છાતીના એક્સરે કરવામાં આવે તે કહેવામાં આવે છે. શરીરના ફ્લુઈડના માઈક્રોબાયોલોજીકલ અને માઈક્રોસ્કોપીક ચકાસણી કરવામાં આવે છે. આધુનિક સમયમાં ટીએસટી ટેસ્ટ કરવામાં આવે છે. ટીબીમાં લાંબા સમય સુધી સારવાર ચાલે છે. સામાન્ય સંપર્કોની પણ ચકાસણી કરવામાં આવે છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ્ક્ષ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧